મત જીતવા માટે
અમેરિકા ભર માં બે સ્ત્રીમતાધિકાર ના હિમાયતી,
એક બિલાડી નું બચ્ચું,
અને 10000 માઈલ ની સફર



મારા રોકલીફ

ચિત્ર : હેડલી હૂપર

પ્રિય પાઠક



શું તમે ક્યારેય મતાધિકારવાદી (સુફ્રાજિસ્ટ) વિષે સાંભળ્યું છે? કદાચ નહીં, અને એટલે મને ખુશી છે કે તમે આ પુસ્તક વાંચી રહ્યા છો. તમે મતાધિકારવાદીઓ વિષે ઘણું બધું શીખશો અને જાણશો કે એ અમેરિકી ઇતિહાસ માં એટલા મહત્વપૂર્ણ કેમ હતા.

તમે જોશો કે મતાધિકાર નો અર્થ મત આપવાનો અધિકાર થાય છે, અને એક સો વર્ષ પૂર્વે સંયુક્ત રાજ્ય અમેરિકા માં બધા પાસે આ અધિકાર ન હતો. અધિકાંશ સ્થાનો પર પુરુષો તો મતદાન કરી શકતા હતા પણ મહિલાઓ નહીં. આ કેટલું અનુચિત હતું? એટલે લગભગ 50 લાખ લોકો (જે પોતાને મતાધિકારવાદી કહેતા હતા) ભેગા થયા અને એમણે એ સુનિશ્ચિત કરવા કામ કર્યું કે મહિલાઓ ને ફક્ત એટલે મત આપવા થી ન રોકી શકાય કારણકે એ મહિલા હતી. અને 1920 માં એ સફળ થયા.

આ પુસ્તક માં તમે સેક્સોન નામની એક બિલાડી અને નેલ અને એલિસ નામની બે મતાધિકારવાદીઓ વિષે જાણશો. 1916 માં એક પીળી ગાડી માં (કારણકે પીળો રંગ મતાધિકારવાદીઓ નો પોતાનો રંગ હતો) નેલ અને એલિસે સેક્સોન સાથે દેશભર માં યાત્રા કરી, અને જેને પણ મળ્યા, એની સાથે એમણે મહિલાઓ ના મતાધિકાર ની વાત કરી. આ એક લાંબી યાત્રા હતી પણ એ કરવા લાયક હતી. આજે નેલ અને એલિસ જેવા સાહસિક લોકો ને લીધે, સંયુક્ત રાજ્ય અમેરિકા માં મહિલાઓ મતદાન કરી શકે છે, એ કોઈ પણ પદ માટે ચૂંટણી લડી શકે છે, (મારી જેમ!) અને એ જે કંઈ પણ બનવા ચાહે, બની શકે છે!


મને આશા છે કે તમે નેલ અને એલિસ ની જેમ સાહસિક બનશો. મને આશા છે કે તમે શૂરવીર બનશો. મને આશા છે કે તમે આત્મવિશ્વાસવાળા બનશો. અને સૌથી વધારે મને આશા છે કે તમે તમારા જેવા બનશો.

સેનેટર બાર્બરા મીકુલ્સ્કી (સેવાનિવૃત્ત)

યુનીઇટેડ સ્ટેટ્સ કોંગ્રેસ માં સૌથી લાંબા સમય સુધી સેવા આપવાવાળી મહિલા.

મત જીતવા માટે
અમેરિકા ભર માં બે સ્ત્રીમતાધિકાર ના હિમાયતી,
એક બિલાડી નું બચ્ચું,
અને 10000 માઈલ ની સફર

મારા રોકલીફ ચિત્ર : હેડલી હૂપર



6 એપ્રિલ, 1916 માં એક નાની પીળી ગાડી ન્યૂયોર્ક શહેર થી

નીકળી. એમાં ઓજાર,

ગાડી માટે ના વધારા ના ભાગો,

એક નાનું ટાઈપરાઇટર, એક નાનું સિલાઈ મશીન,

ઉપયોગી વસ્તુઓ થી ભરેલો ચામડા નો એક મોટો ટ્રન્ક,
અને બે

સ્મિત કરતી મહિલાઓ હતી.

અને એક નાનું કાળું બિલાડી નું બચ્ચું જેના

ગળા માં પીળી રિબન બાંધેલી હતી.

એમાંથી લાંબી મહિલા નેલ રિચાર્ડસન હતી. નાની, એલિસ બર્ક હતી. એમણે સાથે મળીને અમેરિકા ની યાત્રા કરવાની યોજના બનાવી. અમેરિકા એક બહુ મોટો દેશ હતો, પણ એમનો ઉદ્દેશ્ય પણ બહુ મોટો હતો.



"મહિલાઓ માટે મત!" એલિસે સંવાદદાતાઓ ને કહ્યું.

"મહિલાઓ માટે મત!" નેલ સહમત થઈ.



એમણે કહ્યું કે ટાઈપરાઇટર અને સિલાઈ મશીન પણ એની યોજના નો હિસ્સો હતા.



જો કોઈ કહેતું કે મહિલાઓ પાસે મત આપવા માટે મગજ ન હતું, તો નેલ એ સાબિત કરવા એક કવિતા લખી નાખતી હતી કે એની પાસે મત આપવા માટે પર્યાપ્ત મગજ હતું.

જો કોઈ એને કહેતું કે એને ખાવાનું બનાવવાનું અને સિલાઈ કામ કરવા જોઈએ, અને દેશ નું સંચાલન પુરુષો પર છોડી દેવું જોઈએ, તો નેલ એક એપ્રન પહેરી લેતી હતી અને એલિસ ભાષણ આપતી હતી, એ સાબિત કરવા કે એ બંને કામ કરી શકતી હતી.



અને શું એ બંને એની નાની પીળી ગાડી માં, એક-બીજા સાથે (અને એક બિલાડી ના બચ્ચા સાથે) એકલા, દસ હજાર ઉબડ-ખાબડ, કીચડ ભરેલા, અજ્ઞાત માઈલો સુધી સંકટ અને રોમાન્સ નો સામનો કરતા સંયુક્ત રાજ્ય અમેરિકા નું ચક્કર લગાવી શકતી હતી?

ખેર, એનાથી સાબિત થાત કે મહિલાઓ કંઈ પણ કરી શકે છે.

એટલે એ નીકળી પડી.

પહેલે જ દિવસે એમને એક સાહસ ખેડવું પડયું જયારે
એક સાંકડા રસ્તા પર એક બગી ખેંચતા ઘોડા એ એને
આગળ જતા રોકી લીધા.



નેલે ઘોડા ના કાન પાછળ મહિલાઓ-માટે-મત વાળું પીળું
ડેફોડિલ (ફૂલ) બાંધ્યું.

પછી ઘોડો એક તરફ ખસી ગયો અને એણે નાની પીળી ગાડી
ને આગળ જવા દીધી.



ફિલાડેલ્ફિયા માં, એ શહેર ની ભીડ સાથે વાત કરવા એની
સીટ પર ઉભી થઈ ગઈ.

પુરુષો અને મહિલાઓએ એમને ઉત્તેજન આપ્યું.

પણ બીજે દિવસે સવારે...



બરફ નું તોફાન આવ્યું!

નેલ અને એલિસ સુસવાટાવાળો પવન અને બરફ ના વંટોળિયા માં ગાડી ચલાવી ને બાલ્ટીમોર પહોંચ્યા...



જ્યાં એ એક બહુ
વિશિષ્ટ પાર્ટી માં
સન્માનિત અતિથિ
બનવા માટે
એકદમ સમયસર
પહોંચ્યા.

બીજે દિવસે જયારે એ ગેસ (પેટ્રોલ) માટે રોકાયા, તો પુરુષો ની ભીડે એની નાની પીળી ગાડી ને ચારે બાજુ થી ઘેરી લીધી.

એલિસ એનું ભાષણ આપવા સીટ પર ચઢી ગઈ.

પણ કોઈએ એની વાત સાંભળી નહીં.

એટલે એલિસે એની ગાડી વિષે બધું જણાવ્યું.



"મહિલાઓ માટે મત!" પુરુષો એ કહ્યું, અને નેલ અને એલિસ ને હાથ હલાવી ને આવજો કહ્યું.

વોશિંગ્ટન ડી.સી. ની ત્વરિત યાત્રા પછી, એ અત્યાર સુધી ના સૌથી વધારે ખાડાટેકરાવાળા અને કીચડવાળા રસ્તા પર પહોંચ્યા.

નાની પીળી ગાડી ભટકાતી-ઘસડાતી રહી અને આખરે ફસાઈ ગઈ.





એ ભીના અને કંપતા એક-બીજા ની હૂંફ માં પડયા રહ્યા, જ્યાં સુધી સૂરજ ન નીકળ્યો અને પછી બે મજબૂત ખચ્ચરો એ એની ગાડી ને કીચડ માં થી બહાર કાઢી.



અને લગભગ એક ખાડા માં
પડયા જ્યાં એક પૂલ હતો.



આગળ જતા પાણી થી
ભરેલા ઊંડા
ખાબોચિયા આવ્યા ...




ચીકણી માટી ...



અને જાડી, ભીની રેતી.

દક્ષિણ કેરોલિના માં, એક આખું શહેર એના
સન્માન માં ભેગું થયું અને એમને બધી જ
પીળી વાનગીઓ નું બપોર નું ભોજન
કરાવ્યું.



જ્યોર્જિયા માં, એ બંને એક સર્કસ ની પરેડ માં સામેલ
થયા.





બધી જગ્યા એ એને ભીડ મળી. બધે, નેલ અને એલિસે કહ્યું :

"વી ફોર ડબ્લ્યૂ. એટલે મહિલાઓ માટે મતાધિકાર!"

ગલ્ફપોર્ટ, મિસિસિપી ની બહાર, નાની પીળી ગાડી ને આખરે એક કીચડ ભરેલો ખાડો મળ્યો જેને એ પાર ન કરી શકી.

એણે બિલાડી ના બચ્ચા ને છાનામાના એક ટ્રેન માં ચઢાવી દીધું ...





અને બિલાડી ને ન્યૂ-
ઓર્લિયન્સ ની એક સરસ
હોટલ માં સંતાડી ને લઈ
ગયા.

નાની ગાડી આવી, અને ફરી એ એના રસ્તા પર આગળ વધ્યા.



એ રિયો ગ્રાન્ડ ની ગોળીઓ થી બચી...

એ ન્યૂ મેક્સિકો ના રણ માં
થઈને આગળ વધ્યા...





અને એરિઝોના માં ઘણા દિવસો
સુધી ખોવાઈ ગયા ...

આખરે એ પહોંચી ...




કેલોફોર્નીઆ!

જ્યાં સમગ્ર અમેરિકા માં ગાડી ચલાવવા માટે એણે એક પદક જીત્યું.



પણ આગળ ના રસ્તા માં
એમણે હજી પણ ઘણા
માઈલ કાપવાના હતા અને
અનુભવ કરવા માટે એમને
માટે ઘણા બધા સાહસ
બચ્યા હતા.



30 સપ્ટેમ્બર 1916 માં, એક નાની પીળી ગાડી ન્યૂયોર્ક માં ઘુસી.

એમાં સમગ્ર અમેરિકામાં થી એકઠા થયેલા માટી અને ધૂળ હતા, હસ્તાક્ષર અને સ્મૃતિ ચિન્હ હતા, બે મલકાતી (અને તડકાથી શામળી થયેલી) મહિલાઓ હતી, અને એક પૂર્ણ વિકસિત બિલાડી હતી. ત્યાં એમનું ભવ્ય સ્વાગત થયું...



એના સ્વાગત માં એક મોટી
પીળી કેક કાપવામાં આવી.



દસ હજાર ખાડાટેકરાવાળા, કીચડવાળા, અજાણ્યા માઈલો પછી નેલે થોડો સમય આરામ કરવાનું વિચાર્યું.



અને એલિસ?

એ પાછી ફરી અને એણે દેશ ને ફરી પાર કર્યો.

પણ આ વખતે એણે ટ્રેન પકડી.



એ વિલક્ષણ મશીન!

1900 ની શરૂઆત માં કેવળ બહુ સાહસી લોકો જ સમગ્ર અમેરિકા માં ગાડી ચલાવવાની કોશિશ કરતા હતા. સફળ થવાવાળા પહેલા વ્યક્તિ એચ. નેલ્સન જેકસન નામક, વર્મોન્ટ ના એક ડોક્ટર હતા, જે 1903 માં કેલિફોર્નિયા થી ન્યૂયોર્ક ગયા હતા. છ વર્ષ પછી, ન્યૂ-જર્સી ની એલિસ રેમસે ક્રોસ-કન્ટ્રી યાત્રા પૂરી કરવાવાળી પહેલી મહિલા બની. એમાંથી કોઈ એ પણ 1916 માં એલિસ બર્ક અને નેલ રિચાર્ડસન ની તુલના માં, અડધી યાત્રા પણ પૂરી નહોતી કરી. આ બંને મહિલાઓ એ આખો દિવસ ગાડી ચલાવી અને રોજ રાત્રે સાર્વજનિક ભાષણ આપ્યા.

1916 સુધી, ઓટોમોબાઇલ ઘણી લોકપ્રિય થઈ ગઈ હતી, પણ ગાડી ચલાવવી હજી પણ એક પડકાર હતો. પેટ્રોલ સ્ટેશન સર્વત્ર ન હતા, એટલે નેલ અને એલિસ ને ગાડી ની ટાંકી ભરવા માટે ગામ ની દુકાનો અને ખેતરો માં રોકાવું પડતું હતું. રસ્તા ના નકશા વગર, એને "બ્લુ-બુક" પર નિર્ભર કરવું પડતું હતું જેમાં "પીળા કોઠાર થી જમણી બાજુ વળો" જેવા નિર્દેશ લખેલા હતા, જો કોઠાર પડી ગયો હોય તો અથવા એને ફરી લાલ રંગ થી રંગવામાં આવ્યો હોય તો પછી એ નિર્દેશ ખોટો ઠરતો હતો!

નેલ અને એલિસે સેક્સોન મોટર કાર કમ્પની દ્વારા બનાવવામાં આવેલી એક નાની 'રનઅબાઉટ' ગાડી ચલાવી. એમણે એને "ગોલ્ડન ફ્લાયર" નામથી બોલાવી. એના ન્યૂયોર્ક છોડવાની પહેલા, મતાધિકાર નેતા કેરી ચેપમેન કેટ દ્વારા પેટ્રોલ થી ભરેલી શેમ્પેઈન ની બાટલી નો ઉપયોગ કરીને એને આધિકારિક રીતે આ નામ આપવામાં આવ્યું હતું. વર્તમાન પત્રો એ જણાવ્યું કે કેટે બાટલી એટલા જોરથી નીચે પછાડી કે એનાથી રેડીએટર પર એક ગોબો પડી ગયો.

એલિસે એની ગાડી ને "યેલો બેબી" નું નામ આપ્યું અને એ વાત ની ડંફાસ મારી કે ગાડી કેટલી સરસ રીતે ચાલતી હતી. "નાની બેબી ગાડી અમારે માટે સાચી અને સારી છે," એણે લખ્યું. "જયારે એ કીચડ માં ફસાઈ જાય છે તો અમે એને દોષ ન આપી શકીયે." એણે બિલાડી ના બચ્ચા નું નામ પણ સેક્સોન રાખ્યું. બદલા માં, સેક્સોન કંપનીએ એક જાહેરાત માં નેલ અને એલિસ નો ઉપયોગ કર્યો. ઘણી જાહેરાતો ની જેમ એ જાહેરાતે પણ સચ્ચાઈ ને ખૂબ ખેંચી, એવો દાવો કરતા કે બંને યાત્રી આસાની થી એક સ્થાન થી બીજા સ્થાન સુધી ચાલ્યા ગયા અને "એક વાર પણ મોડા ન પડયા."

"કાલે અમે ધીરે-ધીરે એક ખચ્ચર તરફ આગળ વધ્યા જે એક લાબું વેગન (બગી) ખેંચી રહ્યું હતું, અને એ સાવ શાંત લાગી રહ્યું હતું, ત્યાં અચાનક એ એની જમણી બાજુ વળી ગયું અને એણે પાંચ ફુટ ની પાળ પરથી છલાંગ લગાવી દીધી. એક ક્ષણ માટે અમને ઘરડું સફેદ ખચ્ચર દેખાયું, જેના કાન ખુલ્લા હતા, પૂંછડી સીધી પાછળ ની બાજુ ઉડી રહી હતી, અને હવા માં એક લાંબી, પાતળી બગી હતી ... પછી ખચ્ચર, વેગન અને ડ્રાઈવર જમીન પર ટકરાયા. અને રાજા ના અંગ્રેજી (King's English) સિવાય કોઈ નુકસાન ન થયું, જયારે ડ્રાઈવરે ખચ્ચર ને કહ્યું કે એ એના વિષે શું વિચારે છે."

એલિસ એસ. બર્ક "ગોલ્ડન ફ્લાયર ની ડાયરી" બોસ્ટન ગ્લોબ, એપ્રિલ 22, 1916

વોટ જીતવા

એલિસ અને નેલ ની યાત્રા આપણને લાંબી અને મુશ્કેલ લાગી શકે છે, પણ અમેરિકી મહિલાઓ દ્વારા વોટ જીતવા માટે કરેલી લાંબી અને મુશ્કેલ યાત્રા ની તુલના માં આ યાત્રા ઝડપી અને સરળ હતી.

1776 માં ભાવી પ્રથમ મહિલા અબીગૈલ એડમ્સે એના ક્રાંતિકારી પતિ જ્હોન ને પત્ર લખ્યો, જેમાં એણે આગ્રહ કર્યો કે "મહિલાઓ ને યાદ રાખે." એણે સ્વતંત્રતા ની ઘોષણા પર હસ્તાક્ષર કર્યા, જેમાં કહેવામાં આવ્યું હતું કે "બધા પુરુષોને સમાન બનાવવામાં આવ્યા છે." મહિલાઓ ને બાકાત રાખવામાં આવ્યા.

1848 માં, એલિઝાબેથ કેડી સ્ટેન્ટન લુક્રેટીયા મોટ સહીત મહિલાઓ ના એક સમૂહે સેનેકા ફોલ્સ, ન્યૂયોર્ક માં એક બેઠક કરી. ત્યાં એમણે પોતાના ઘોષણાપત્રક માં હસ્તાક્ષર કર્યા, જેમાં કહેવામાં આવ્યું હતું કે "બધા પુરુષો અને સ્ત્રીઓ ને સમાન બનાવવામાં આવ્યા છે." પણ મહિલાઓ ને કાનૂની રીતે સમાન બનાવવા માટે, એને ખબર હતી કે એમણે મતાધિકાર જીતવો પડશે.

અબીગૈલ એડમ્સ ને મહિલાઓ ના અધિકાર માટે અવાજ ઉઠાવતા બોતેર વર્ષ વીતી ગયા હતા. એના લક્ષ્ય સુધી પહોંચવા માટે એ વાત ને બોતેર વર્ષ બીજા લાગ્યા.

જે મહિલાઓ અને થોડા પુરુષો એ આ લડાઈ લડી, એને મતાધિકારવાદી કહેવામાં આવ્યા. (મતાધિકાર એટલે મત આપવાનો હક.) મોટ અને સ્ટેન્ટન સાથે એમાં લુસી સ્ટોન જેવા નેતા પણ સામેલ હતા. સુસાન બી. એન્થોની, સોજોર્નર ટ્રુથ, એલિસ પોલ, અને ઈડા બી. વેલ્સે એનું નેતૃત્વ કર્યું. એમાં નેલ રિચાર્ડસન અને એલિસ બર્ક જેવા હજારો ઓછા જાણીતા નેતા પણ હતા.

આ મહિલાઓએ સડક પર કૂચ કરવા અને ભાષણો આપવા માટે પતિઓ અને પિતાઓ ની અવહેલના કરી. (છ મહિના સુધી રોજ રાતે એલિસે ન્યૂયોર્ક શહેર માં બ્રોડવે અને 96 મી સ્ટ્રીટ ના ખૂણા પર સાબુ ની એક લાકડા ની પેટી પર ઉભા રહીને વટેમાર્ગુ ને સવાલો પૂછ્યા અને હેરાન કર્યા.)

જેમ-જેમ વર્ષો વિતતા ગયા, મતાધિકારવાદી રચનાત્મક થતા ગયા. એમણે ગીતો લખ્યા. એમણે કાર્ટૂન બનાવ્યા. એક પાયલોટ મતાધિકારવાદીએ વિમાન માં થી મેળા ની ભીડ પર ચોપાનિયા નો વરસાદ વરસાવ્યો. કોલસા ના ખાણિયા સુધી પહોંચવા એકે ડગલો પહેર્યો અને જમીન થી 2500 ફીટ નીચે ઉતરી. મતાધિકારવાદીઓ એ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પાસે પણ ભાષણ અપાવ્યું. અલબત્ત, એના મોઢા માં થી જે શબ્દો નીકળ્યા એ હતા "મહિલાઓ ને મત અપાવો."

વર્ષ 1916 એક ઉત્તેજક વર્ષ હતું. અગિયાર પશ્ચિમી રાજ્યો માં થી એક મોન્ટાના ની જેનેટ રેન્કિન ને મહિલાઓ નો મત મળ્યો અને એ કોંગ્રેસ માટે ચુંટાયેલી પહેલી મહિલા સેનેટર બની. એ સંયુક્ત રાજ્ય અમેરિકા ના રાષ્ટ્રપતિ માટે પણ ચુંટણી નું વર્ષ હતું, અને મતાધિકારવાદીઓ એ મહિલાઓ ને મત આપવા માટે બંને પક્ષો ને મનાવવા માટે મોટા પ્રદર્શનો ની યોજના બનાવી. શિકાગો માં રિપબ્લિકન સમ્મેલન માં, હજારો મહિલાઓ અને છોકરીઓ એ રબર ના ધાબળા માં વીંટેલા એક હાથી ના બચ્ચા ની પાછળ બર્ફીલા વરસાદ માં કૂચ કરી, જેના પર લખ્યું હતું, "મહિલાઓ માટે મત." બીજે અઠવાડીએ, સેન્ટ લુઈસ માં, એમણે "વોકલેસ પરેડ" નું આયોજન કર્યું. ડેમોક્રેટિક સમ્મેલન માં જવાવાળા પુરુષો ને એક માઈલ સુધી બંને બાજુ સડકો પર ઉભેલા આઠ હજાર મૂંગા મહિલા મતાધિકારીઓ વચ્ચે થી જવું પડયું.

આ પ્રદર્શનકારી સમગ્ર દેશમાં થી આવ્યા હતા. ઘણા લોકો એ નેલ અને એલિસ ની યોજનાઓ વિષે સાંભળ્યું હશે, જેણે પ્રચાર-પ્રસાર માટે એની ક્રોસ-કન્ટ્રી યાત્રા નો ઉપયોગ કર્યો. સમ્મેલનો ના સમયે પણ આ જોડી હમણાં-હમણાં કેલિફોર્નિયા આવી હતી. પણ એ વધારે રોકાઈ નહીં. એ જાણતી હતી કે એનું કામ હજી પૂરું નથી થયું.

બીજે વર્ષે, સંયુક્ત રાજ્ય અમેરિકા એ પ્રથમ વિશ્વ યુદ્ધ માં પ્રવેશ કર્યો. ઘણા મતાધિકારીઓ એ યુદ્ધ ના પ્રયાસ માં મદદ કરવા પોતાના લક્ષ્યો ને અલગ રાખ્યા. એલિસ પોલ ના નેતૃત્વ માં બીજા લોકો એ લડાઈ ચાલુ રાખી. એમણે વ્હાઇટ હાઉસ પર ધરણા કર્યું અને રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સન ને પૂછ્યું કે વિદેશો નું લોકતંત્ર, ઘરેલુ લોકતંત્ર થી કેમ વધારે મહત્વપૂર્ણ હતું. શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર ભીડે હુમલો કર્યો, જયારે પોલીસે ઉભા ઉભા જોયા કર્યું. પોલીસે એવા મતાધિકારીઓ ની ધરપકડ શરુ કરી, જેણે કોઈ કાયદો તોડયો ન હતો. જેલ માં મહિલાઓ સાથે બહુ ખરાબ વર્તન કરવામાં આવ્યું પણ એમણે એટલી બહાદુરી થી એનો વિરોધ કર્યો કે એનાથી જનતા નું મંતવ્ય બદલાઈ ગયું. અમેરિકનો એ પછી મહિલાઓ માટે મત ની માંગણી કરી.

1920 માં ઓગણીસ મું સંશોધન આધિકારિક રીતે અમેરિકી સંવિધાન માં જોડવામાં આવ્યું. એમાં કહેવામાં આવ્યું કે "સંયુક્ત રાજ્ય અમેરિકા ના નાગરિકો ના મત આપવાના અધિકાર ને સંયુક્ત રાજ્ય અમેરિકા અથવા કોઈ પણ રાજ્ય દ્વારા સેક્સ ને કારણે અસ્વીકાર કરવામાં નહીં આવે."

આખરે, અમેરિકી મહિલાઓ ને મત આપવાનો અધિકાર મળી ગયો.